# બોઆલ શિખવતા ગયા -લોકભરોસો

-સરૂપ ધ્રુવ

ઑગસ્ટો બોઆલ તો ગયા પણ ઘણું ઘણું શીખવતા ગયા છે -અમારાં જેવાં સાંસ્કૃતિક કર્મશીલોને અને જગતભરનાં શોષિતો પીડિતોનેય તે! પરિવર્તન અને પ્રગતિકામી લેખક તરીકે આમ તો સર્જકનો અહમ્ ઓગાળીને જ પડમાં પેંસવું પડે છતાંય ક્યાંક ખૂણા ને અણીઓ બાકી રહી જાય. બોઆલના 'થિયેટર ઓફ ઑપ્રેસ્ડ'ના પરિચયમાં આવતાં એ ખૂણા અને અણીઓ ઉપર જાણે કે કાનસ ફરતી ગઇ અને સુંવાળપ આવતી ગઇ છે.

માંડીને વાત કરું: દસેક વર્ષ પહેલાં 'દર્પણ' સંસ્થાના વિકાસલક્ષી રંગમંચ તરફથી આમંત્રાણ મળ્યું કે, બાળકીઓ(ગર્લ-ચાઇલ્ડ) વિશે નાટકો કરવાં છે, તમે સ્કીપ્ટ લખો તો ગમશે. 'વિદ્યા' નામની પ્રાયોજના. બાળકીનો જન્મ, ઉછેર, શિક્ષણ.... તમામ ક્ષેત્રે ભેદભાવ અને શોષણનો ચિતાર આપીને અટકી જવાનું - બાકીનું પ્રેક્ષકો ઉપર છોડી દેવાનું! બાળકીઓના શોષણ વિશે ઢગલાબંધ મટિરિયલ મોકલી આપવામાં આવ્યું, ચાર નાની નાટિકાઓ લખી; નહી શેરીનાટક-નહી થર્ડ થિયેટર -કશુંક મિશ્રણ કર્યું-દૂહા-છપ્પા તો ટેવવશ ઠીકઠાક થયા પણ.... માળું, અંત સાવ જ છોડી દેવાનો?! લેખકને ગળે પણ ના ઊતર્યું અને ગમ્યું પણ નહિ! ખેર, નવા જોડા ખૂંચેય ખરા એમ કરીને સ્ક્રીપ્ટો સોંપી દીધી. પેટછૂટી વાત કરી જ દઉં કે સ્ક્રીપ્ટ-સામગ્રી વગેરેની અસંખ્ય મીટીંગોમાં 'થિયેટર ઓફ ઑપ્રેસ્ડ' કે ઑગસ્ટો બોઆલનું નામનિશાન ના મળે! અલબત્ત, અમદાવાદનાં ગરીબો-શ્રમજીવીઓનું નટમંડળ થશે એવી ખબર ખરી. આપણે લેખક-સ્ક્રીપ્ટ આપીને આઘાં ગયાં. મહિના માસની પ્રૅક્ટીસ પછી ટ્રાયલ શોનું આમંત્રાણ મળ્યું- ઠેઠ સુધી બધું ઠીકઠાક ચાલ્યું.

ચોક્કસ મોડ ઉપર નાટક અટકયું. 'જોકર' બનેલાં બહેને દર્શકને આ સ્થિતિ બદલી શકાય કે કેમ - અને જો બદલી શકાય તો તમે આમાં શું કરી શકો- કહીને ઊભાં થવાનું આમંત્રાણ આપ્યું. ખૂબ ઝડપથી પ્રોબીંગ થતું હતું. બેઠેલાં ખુદ શોષિતો હતાં. બહુ ખચકાટ પછી ઊભાં થતાં હતાં ને બદલવાનો અભિનય કરતાં સંકોચાતાં હતાં -આખું વાતાવરણ કંઇક નકારાત્મક, કંઇક વિફલતાનું હતું. વાત 'જામતી' નહોતી. કારણ?.... અલબત્ત, નટ-મંડળને તાલીમ દરમ્યાન આખી પદ્ધતિનો ખ્યાલ જરૂર આપવામાં આવ્યો હશે પણ દર્શકો આ રીતે ટેવાયેલાં નહિ તેથી કે જાતભરોસો ઓછો!?

એ દર્શકોમાં શોષિત-નટમંડળીનાં સભ્યોનાં સગાવહાલાં, પાડોશીઓ અને મિત્રો ઉપરાંત એક દિગ્દર્શક તે સ્વ. કૈલાસભાઇ પંડ્યા અને બીજી લેખક તે હું! અમને પણ ભરોસો ઓછો જ હતો- પેલાં શોષિતો ઉપરસ્તો! અમે બંને એકબીજાનાં કાનમાં ગણગણતાં હતાં ને અણગમો વ્યક્ત કર્યા જ કરતાં હતાં: અલ્યા, આ લોકોને સ્થિતિ બદલવાનું ભાન હોત તો બદલી જ ના હોત? નાટકમાંય જો આટલું ન ફાવે તો જીવનમાં તે શો શક્કરવાર વળવાનો? વગેરે.... વગેરે....! વળી થિયેટરને આમ, સાવ લોકોને સોંપી દઇને શાલિગ્રામથી ચટણી વાટવાના અખતરાનો પણ અણગમો યે ખરો જ વળી!

એ પ્રયોગ પછી અમારી બેઠક બ્રિટીશ રંગકર્મી શ્રી. જહોન માર્ટિન અને સુશ્રી મોઝીસૂલા-જે પોતે બ્રાઝિલિયન અને બોઆલજીનાં પટ્ટશિષ્યા હતાં- તેમની સાથે થઇ. કંઇક વાતો ચાલી- અમે અમારા વાંધાવિરોધ જાહેર કર્યા -પેલાં બંનેએ ગરમાગરમ દલીલો કરી.... પણ 'ફોરમ થિયેટર'ની કે 'ઇમેજ થિયેટર'ની વાત અમારા સુધી ના પહોંચી! કાં તો એ લોકોએ અમને 'ટેકેન ફોર ગ્રાન્ટેડ' ગણ્યા કાં તો અમારાં બારીબારણાં સજ્જડબંધ! જે હોય તે.... 'વિદ્યા' ના માધ્યમે કરીને શોષિતોની રંગભૂમિનો મર્મ હું તો નહોતી જ પામી!

મારાં બારીબારણાં તો ઠેઠ ઑગસ્ટ-2004માં ઉઘડયાં; જ્યારે અમારા 'સંવેદન કલ્ચરલ ગ્રૂપ' માટે શોષિતોની રંગભૂમિના અનુભવી ઉસ્તાદ સંજય ગાંગુલીને હિરેને આમંત્રણ આપ્યું અને તેમણે આવીને એક અઠવાડિયાની તાલીમો આપી અને અમારી સાથે પેટભરીને વાતો કરી, ચર્ચા કરીને સમજણ આપી ત્યારે!

આ જૂથનાં શોષિતો હતાં 2002ના ગુજરાત જનસંહારનાં સીધા કે આડકતરા ભોગ બનેલાં મુસ્લિમ અને દલિત યુવાનયુવતીઓ; જે અમદાવાદના શ્રમજીવી વિસ્તારનાં રહેવાસી છે- હતાં. સંજય ગાંગુલી સાથેની ચર્ચામાં પ્રકાશ પડ્યો કે આ થિયેટર માટે તો લેખકની જરૂરત જ નથી! અહી તો શોષિતોના પોતાના અનુભવો અને પ્રશ્નોને દિગ્દર્શક કે તાલીમકર્તા પોતે જ જો ઠીકઠાક રીતે, કમ્યુનીકેબલ અને મંચીય સંદર્ભે જોવાલાયક બનાવીને ગોઠવી દે એટલે ભયોભયો! સાવ સાચુકલો અભિગમ!

સંવેદનનાં મિત્રોએ પોતાને થયેલા કોમી હિંસાકાંડ અને તેની વરાણે આવેલા સાંસ્કૃતિક નાઝીવાદ-ફાસીવાદને જાતઅનુભવોથી નખશિખ રજૂ કર્યા. સંજયભાઇએ એને થિયેટરનું કલેવર આપ્યું. ગીત અને 'હમિંગ'ના જીવંત ઉપયોગ સાથે હૃદયસ્પર્શી 'નાટકો' તૈયાર થયાં.... જેનો અંત દર્શકોના હાથમાં હતો! આ નાટક 'હમેં જવાબ ચાહિયે' જ્યારે અને જ્યાં જ્યાં રજૂ થયું ત્યારે શોષિત પ્રેક્ષકો અને એમના શોષણને જોઇ રહેનારા દર્શકોએ જે અને જેટલી રીતે હાલત બદલવાના પ્રયાસો કર્યા છે તે જોતાં એટલું તો જરૂર સમજાય છે કે ઑગસ્ટો બોઆલે આ પદ્ધતિને 'રિહર્સલ ઓફ રેવોલ્યુશન' કહીને ઓળખાવી છે તે સો ટકા સાચી વાત!

હા, કોમી હિંસા, નફરત, ડર અને લઘુમતિ કોમ પ્રત્યેના અન્યાય કોઇને પસંદ નથી -એટલીસ્ટ, આ દેશના શોષિતો-પીડિતોને તો નહિ જ! એ પછી અમદાવાદની ચાલીઓ, પોળો અને સોસાયટીનાં રહીશો હોય; સાબરકાંઠા, પંચમહાલ, ખેડા કે સૌરાષ્ટ્રનાં ગ્રામીણ વિસ્તારોનાં લોકો હોય! છત્તીસગઢનાં અંતરિયાળ આદિવાસી ઇલાકાનાં મિત્રો હોય કે મહારાષ્ટ્રનાં દલિતો હોય.... આંધ્ર અને મધ્યપ્રદેશનાં આદિવાસીઓ હોય કે રાજસ્થાન, લખનૌ, અલ્હાબાદ, દિલ્હી યુનિવર્સિટીનાં અને જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીનાં છાત્રો હોય....! જાતભરોસાથી નિર્ણય લઇને, અત્યાચાર અને અન્યાયનો સિનારિયો બદલવા ઉઠનાર અસંખ્ય દર્શકોના સાહસની સાક્ષી તરીકે એટલું અચૂક કહી શકાય કે તક મળ્યે શોષિતો પોતાની અને તેથી કરીને આ સમાજની હાલત બદલવા એક દિવસ તો આગળ આવે જ છે. જે આજે 'દર્શક' મટીને 'કર્તા' બનવાનું સાહસ કરે છે તે આવતી કાલે શોષિત મટીને ક્રાંતિકારી બની જ શકે.... અલબત્ત, યોગ્ય વિચારધારા અને યોગ્ય નેતૃત્વ મળે તો!

ખેર, સંવેદનના અમારા અનુભવો અને પાંચ વર્ષના 'થિયેટર ઓફ ધી ઑપ્રેસ્ડ'ના અનેકાનેક પ્રયોગોએ લોકો ઉપર ભરોસો મૂકતાં શિખવ્યું એટલું જ નહિ; રંગમંચ સાથે સંકળાયેલા લેખકની સાઇઝ પણ કટ કરી બતાડી.... એ નફામાં!

આજે, 21મી સદીના રંગમંચે બોઆલની ધીરજ, લોકભરોસો અને સમૂહમાધ્યમની સક્રિય સંડોવણીની શીખ અંકે કર્યા વગર કેમ ચાલશે?.... અલબત્ત, પરિવર્તન અને ક્રાંતિના પેલા અજાયબ ઇન્દ્રધનુષનાં સપનાં જોવાનું એક પળવાર પણ ચૂકી ન જવાય એ પહેલી શરત!

***-સરૂપ ધ્રુવ***
10-6-2009.